©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII] WEDNESDAY, 14th OCTOBER, 2026/ASHVINA 22, 1948 [No. 8473**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**

## લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળ

### ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૯૯ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૫૦ મુજબ સત્તામંડળ વિસ્તારમાં વિકાસચાર્જ અન્વયે જાહેરનામું પ્રસિદ્ધિ આપવા બાબત.

### અધિસુચન

જા.નં. લોથલ/વશી/જનરલ/૬૫.–સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નં.No.GH/V/82 of 2026/UDUHD/DVP/e-file/18/2026/2034/L ના જાહેરનામા થી લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ યોજના તા.૦૫/૦૫/૨૦૨૬ ના રોજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૭ (૧) હેઠળ મંજુર થઈ અમલમાં આવેલ છે. સદરહુ યોજનામાં ઔદ્યોગિક, મિક્ષ્ડ યુઝ ઝોન, હોસ્પિટાલિટી & ઈન્સ્ટિટ્યૂશનલ ઝોન, એગ્રીકલ્ચર વિગેરે ઝોન સુચિત કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ અને તે હેઠળ કરેલ નિયમોની જોગવાઈઓને આધિન રહીને સત્તામંડળ, રાજ્ય સરકારની પૂર્વ મંજુરીથી, રાજપત્રમાં જાહેરનામાં દ્વારા વિકાસ વિસ્તારમાંની જમીનો અને મકાનો ઉપરનો વિકાસ ચાર્જ, કલમ-૧૦૦ માં નિર્દિશ કરેલા વધુમાં વધુ દર થી વધુ નહી તેટલો પોતે નક્કી કરે તે દર વસુલ કરવાની જોગવાઈ છે. વિકાસ ચાર્જમાં જુદા જુદા દરો, વિકાસ વિસ્તારના જુદા જુદા ભાગો માટે અને જુદા જુદા ઉપયોગો માટે નિર્દિશ કરવાની જોગવાઈ છે.

આમ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૧૦૦ ની જોગવાઈ મુજબ લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળની તા.૧૩/૦૮/૨૦૨૬ ની બારમી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક : ૧૫/૨૦૨૬ થી નીચે જણાવેલ અનુસૂચિ મુજબ જુદા જુદા ઝોન વિસ્તાર તેમજ જુદા જુદા ઉપયોગો માટે વિકાસ ચાર્જ વસૂલ કરવા ઠરાવેલ છે.

હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૫૦ની જોગવાઈ અનુસાર લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળ આથી નોટિસ આપે છે કે, સરકારી રાજપત્રમાં વિકાસ ચાર્જના સુચિદરોની પ્રસિદ્ધિની તારીખથી ત્રણ મહિનાની મુદ્દતની અંદર તેના સંબંધમાં કોઈ વ્યક્તિ પાસેથી મળે તેવા વાંધા તથા સુચનો સત્તામંડળ વિચારણામાં લેશે.

**અનુસુચિ**

**બિનખેતી લે-આઉટ**

(૧) રહેણાંક જમીન-૪ રૂપિયા પ્રતિ ચોરસ મીટર

(૨) વાણિજ્ય-૫ રૂપિયા પ્રતિ ચોરસ મીટર

(૩) ઔદ્યોગિક- ૪ રૂપિયા પ્રતિ ચોરસ મીટર

(૪) અન્ય જમીનનું ક્ષેત્રફળ- ૨ રૂપિયા પ્રતિ ચોરસ મીટર

બાંધકામ પરવાનગી

(૧) રહેણાંક બાંધકામ-૧૨ રૂપિયા પ્રતિ ચોરસ મીટર

(૨) વાણિજ્ય-૧૫ રૂપિયા પ્રતિ ચોરસ મીટર

(૩) ઔદ્યોગિક-૧૨ રૂપિયા પ્રતિ ચોરસ મીટર

(૪) અન્ય બાંધકામનું ક્ષેત્રફળ-૫ રૂપિયા પ્રતિ ચોરસ મીટર

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળ જુદા જુદા ઉપયોગો માટેના સુચિત વિકાસ ચાર્જ દર્શાવતા જાહેરનામાની નકલ સત્તામંડળની મુખ્ય કચેરીના સમયે લોકોને જોવા માટે ખુલ્લી રાખેલ છે.

**સ્થળ : અમદાવાદ**
**તા: ૦૯/૧૦/૨૦૨૬**

મુખ્ય કારોબારી અધિકારી
લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળ

**કચેરીનું સરનામું :**

લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરી,
C/o. જિલ્લા કલેક્ટરની કચેરી,
જિલ્લા સેવા સદન, સુભાષ બ્રિજ સર્કલ,
અમદાવાદ-૩૮૦૦૨૭.



Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.10.14 17:26:22 IST